# દેશમાં પહેલીવાર સોમનાથમાં 3000 ડ્રોનનો શો

**10મી** જાન્યુઆરીથી પીએમ મોદી ગુજરાતની મુલાકાતે

**સોમનાથ**- રાજકોટ અને અમદાવાદ તથા ગાંધીનગર મુલાકાત લેશે

ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સમગ્ર દેશની આસ્થાના કેન્દ્ર તથા પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ ખાતે આગામી તા. ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન ભવ્ય 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી કરવામાં આવશે. 11મી જાન્યુઆરીએ પીએમ નરેન્દ્ર મોદી તા.11મી જાન્યુઆરીએ સોમનાથ મંદિરમાં વિશેષ પૂજા પણ કરવાના છે, તેઓ 10મી જાન્યુઆરીની રાત્રે ગુજરાત આવશે.સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત સમગ્ર વહીવટી તંત્ર આ પર્વને સફળ બનાવવા માટે કાર્યરત છે. આ પર્વ એ માત્ર ધાર્મિક મહોત્સવ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિના અતૂટ વિશ્વાસ અને આત્મગૌરવનું પ્રતીક પૂરવાર થશે.પીએમ મોદી અમદાવાદની પણ મુલાકાત લેનાર છે, જેના પગલે અમદાવાદમાં પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 11 અને 12 જાન્યુઆરીએ ગુજરાત આવશે. તેઓ પોતાની ગુજરાત મુલાકાત દરમિયાન સોમનાથ , ગાંધીનગર, અમદાવાદ અને રાજકોટની મુલાકાત લેશે. દરમિયાન વડાપ્રધાન મોદી મેટ્રોનું ઉદ્ઘાટન કરીને આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં હાજરી પણ આપશે. PM મોદી અમદાવાદથી ગાંધીનગર મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન સુધી . આ માટે ગાંધીનગર મેટ્રો સ્ટેશનને આખરી ઓપ અપાઈ રહ્યો છે. મેટ્રો સેવાઓની તમામ કામગીરી પૂર્ણ થઈ રહી છે. મેટ્રો અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર ખાતેથી કાર્યરત થશે. 1મી જાન્યુઆરીએ રાજકોટમાં રિઝનલ વાઇબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરવાના છે. જે બાદ એજ દિવસે તેઓ સાંજે અમદાવાદ આવશે અને 12 તારીખે જર્મનીના વાઇસ ચાન્સેલર સાથે સાબરમતી આશ્રમની મુલાકાત પણ કરવાના છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 12 જાન્યુઆરીએ સવારે સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લેવાના છે.જે દરમિયાન ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અને આંટી અર્પણ કરી હૃદયકુંજની મુલાકાત લેશે. સાબરમતી આશ્રમમાં અંદાજે 20 મિનિટ સુધી મુલાકાત કરવાના છે. તેમજ રિવરફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પણ હાજરી આપવાના છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ખુલ્લો મુકાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આજથી અનેક વર્ષો પહેલાં ઈ.સ.૧૦૨૬માં મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર પર આક્રમણ કર્યું હતું, જેને આજે ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ સાથે જ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો જે સંકલ્પ લીધો હતો, તેના પણ ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. આ 'ડબલ સંયોગ'ના અવસરે સમગ્ર દેશ સોમનાથના શૌર્ય અને સંઘર્ષના ઇતિહાસને યાદ રાખી શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ "સોમનાથ સ્વાભિમાન પર્વ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

### ભવ્ય રોડ શો અને શોર્યયાત્રાના આયોજન બાદ જનસભા

આજે ગાંધીગનરમાં કેબીનેટ પ્રવક્તા અને સીનીયર મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદી આગામી તા. ૧૦મી જાન્યુઆરીએ સાંજે ૫:૩૦ કલાકે સોમનાથ પધારશે. વડાપ્રધાન તા. ૧૧ જાન્યુઆરીના રોજ ભગવાન સોમનાથના દર્શન-અર્ચન કરીને આ પર્વમાં સહભાગી થશે. દર્શન-અર્ચન બાદ વડાપ્રધાન સોમનાથ મંદિરની બહાર સ્થિત સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. આ ઉપરાંત તેઓ એક ભવ્ય રોડ-શો અને શૌર્ય યાત્રામાં જોડાશે તથા એક વિશાળ જનસભાને સંબોધન કરી દેશવાસીઓને સાંસ્કૃતિક એકતાનો સંદેશ આપશે. આ પર્વના મુખ્ય આકર્ષણો અંગે વાઘાણીએ જણાવ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વ દરમિયાન આકાશમાં 3000 ડ્રોન દ્વારા સોમનાથના ઇતિહાસ અને ભવ્યતાને દર્શાવતો અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન-શો યોજાશે. તદુપરાંત, સોમનાથ મંદિર પર થયેલાં આક્રમણો દરમિયાન મંદિરની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરનારા શૂરવીરોને સમર્પિત એક શૌર્ય યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૦૮ અશ્વો સાથેની ભવ્ય શૌર્ય યાત્રા 'શંખ સર્કલ'થી શરૂ થઈ 'હમીરજી ગોહિલ સર્કલ' સુધી નીકળશે.

### ૨,૫૦૦ ઋષિકુમારો ૭૨ કલાકનો અખંડ ઓમકાર જાપ કરશે

સોમનાથ મંદિરના પ્રાંગણમાં ૨,૫૦૦ ઋષિકુમારો દ્વારા મંત્રોચ્ચાર અને ૭૨ કલાકનો અખંડ ઓમકાર જાપ કરવામાં આવશે. સાથે જ ૧,૦૦૦ કલાકારો દ્વારા મંદિરની અંદર અને બહાર શંખનાદ કરી વાતાવરણને શિવમય બનાવવામાં આવશે. આ પર્વને વધુ ભવ્ય બનાવવા માટે શિવ ભક્તિ, ભજન અને લોક ડાયરા માટે સમગ્ર વિસ્તારમાં ૨૦ જેટલા ભવ્ય સ્ટેજ તૈયાર કરીને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.સોમનાથ સ્વાભિમાન પર્વમાં રાજ્યભરના નાગરિકો મોટી સંખ્યામાં જોડાઈ શકે તે માટે સ્પેશિયલ ટ્રેનોની સુવિધા પણ કરવામાં આવી છે.

### સુરત, અમદાવાદ અને વડોદરાથી સ્પેશિયલ ટ્રેન

શ્રદ્ધાળુઓની સુવિધા માટે તા. ૮, ૯ અને ૧૦ જાન્યુઆરી દરમિયાન રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરાથી દરરોજ ચાર સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. સાથે જ યાત્રિકો માટે રહેવા, જમવા અને દર્શન માટેની તમામ સુવિધાઓ પણ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે. વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના માર્ગદર્શનમાં હવે 'સોમનાથ કોરિડોર'ને પણ સ્વીકૃતિ મળી છે, જેના કારણે આ વિસ્તારમાં પ્રવાસન અને આર્થિક વિકાસને વેગ મળ્યો છે. અયોધ્યા, કાશી અને દ્વારકાની જેમ સોમનાથ પણ આજે વિશ્વકક્ષાએ ભારતની આધ્યાત્મિક ઓળખ બની રહ્યું છે. આ પર્વમાં દેશભરના હજારો સાધુ-સંતો અને લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે.

# રાજ્ય પોલીસ વડા વન ડે વન ડિસ્ટ્રિક્ટ થિમ પર કામ કરશે

**દરરોજ** એક જિલ્લાના પોલીસ અધિક્ષક અને રેન્જ આઇજી સાથે બેઠક યોજાશે

**આહવામાં** યોજાયેલી પ્રથમ બેઠકને અંતે વાહન તથા IT ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંલગ્ન જરૂરિયાતોનું નિરાકરણ

ગાંધીનગર : જિલ્લા સ્તરે પોલીસ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશથી અને સ્થાનિક સ્તરે જમીની હકીકતોને સીધી રીતે સમજવા માટે રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન રાવ દ્વારા "One Day-One District": એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે.

આ પહેલ અંતર્ગત ગઈકાલે ૦૭/૦૧/૨૦૨૬ના રોજ ડાંગ-આહવા જિલ્લાના પોલીસ અધિક્ષક સાથે એક બેઠક યોજવામાં આવી, જેમાં જિલ્લાના વિશિષ્ટ મુદ્દાઓ, જરૂરિયાતો તથા શ્રેષ્ઠ પ્રથાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને ઘણી વાહન તથા IT ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંલગ્ન જરૂરિયાતોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

આ બેઠકો દરમિયાન જિલ્લાના ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ વિશેષ વાહનોની જરૂરિયાત, પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક તથા બિન રહેણાંક માળખા સંબંધિત પડકારો, માનવ સંસાધનની પૂરતી ઉપલબ્ધતા, પોલીસ સ્ટેશન/આઉટપોસ્ટ/બીટની રચનામાં ફેરફારની જરૂરિયાત તેમજ અન્ય ખાસ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવે છે.

આ ઉપરાંત દરેક જિલ્લામાં અમલમાં મૂકાયેલી એક બેસ્ટ પ્રેકટીસ અંગે ચર્ચા કરવામાં આવશે, જેને રાજ્યભરમાં અમલમાં મૂકી શકાય તેની શક્યતા પણ પરખવામાં આવશે.

જિલ્લાઓની પરિસ્થિતિ અને જરૂરિયાતોનું મૂલ્યાંકન કર્યા બાદ રાજ્યના પોલીસ વડા દ્વારા પોલીસ મુખ્યાલયની સંબંધિત શાખાઓને જરૂરી દિશાનિર્દેશ આપવામાં આવશે, જેથી સમયસર સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય. જ્યાં નીતિગત અથવા વહીવટી મંજૂરી જરૂરી હોય ત્યાં યોગ્ય પ્રસ્તાવો ગૃહ વિભાગને પણ મોકલવામાં આવશે.

## સાબરમતી જેલમાં હાઈસિક્યુરિટી ઝોનમાંથી બે મોબાઈલ મળ્યા

અમદાવાદ : અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં આઈફોન સહિત બે મોબાઈલ ફોન મળી આવતા સુરક્ષા વ્યવસ્થાને લઈ ગંભીર સવાલો ઊભા થયા છે.

આ અંગે મળતી માહિતી મુજબ સાબરમતી સેન્ટ્રલ જેલમાં હાઈ સિક્યુરિટી ઝોનમાં આરોપી વિશાલ ગોસ્વામીને જે બેરેકમાં રાખવામાં આવ્યો હતો, તે બોરેકમાંથી એક આઈફોન અને એક સાદો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી બે મોબાઇલ ફોન મળી આવતા સુરક્ષાને લઈ અનેક સવાલો ઊભા થયા છે. આ બંને મોબાઈલ ફોનને લઈ સમગ્ર જેલ સ્ટાફની આ અંગે પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. આ અગાઉ પણ સાબરમતી જેલમાંથી કેદીઓ પાસેથી મોબાઇલ ફોન કેટલીક પ્રતિબંધિત સામગ્રીઓ મળી આવી છે.

# આગામી સપ્તાહ સુધી કાતિલ ઠંડીનો રાઉન્ડ રહેશે



**ગુરુવારે** પણ રાજ્યમાં સૌથી વધુ નલિયામાં 9 ડિગ્રી ઠંડી

ગાંધીનગર : ઉત્તર - પૂર્વીય - પૂર્વીય પવનના કારણે ગુજરાતમાં કાતિલ ઠંડીનો ચમકારો હજુયે એક સપ્તાહ સુધી જોવા મળશે. આજે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં 9 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. ખાસ કરીને કચ્છ કાતિલ ઠંડીની ચપેટમાં આવી ગયુ છે. જો કે એક સપ્તાહ સુધી તીવ્ર ઠંડીનો રાઉન્ડ જોવા મળશે.

સૌરાષ્ટ્ર - કચ્છમાં સામાન્ય કરતાં અત્યંત નીચું તાપમાન નોંધાવવા સાથે કચ્છમાં ઠંડીનો ધ્રુજારો વધી જવા પામ્યો છે. આજે ગુરૂવારે દિવસ દરમ્યાન કચ્છના નલિયામાં ઠંડીનો પારો અચાનક નીચે ગગડી જવા સાથે 9 ડિગ્રીએ પહોચી ગયો હતો. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજયમાં હજુયે એક સપ્તાહ સુધી ઠંડીનો ચમકારો યથાવત રહેશે.જેના પગલે ગુજરાતમાં હવે ઠંડીનો ચમકારો વધવાનો છે. છેલ્લા 24 કલાકની અંદર ઠંડીનો પારો 2 ડિગ્રી સુધી નીચે ગગડી જવા પામ્યો છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ , હવે આગામી એક સપ્તાહ સુધી રાજયમાં કાતિલ ઠંડી અનુભવાશે. હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે રાજયમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 10 ડિ.સે.,નલિયામાં 9 ડિ.સે., કંડલા પોર્ટ પર 13 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 10 ડિ.સે., અમરેલીમાં 12 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 10 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 12 ડિ.સે., મહુવામાં 13 ડિ.સે., કેશોદમાં 12 ડિ.સે., અમદાવાદમાં 14 ડિ.સે.,ડીસામાં 12 ડિ.સે., ગાંધીનગરમાં 12 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 13 11 ડિ.સે.,વ ડોદરામાં 15 ડિ.સે.,અને સુરતમાં 16 ડિ.સે. અને દમણમાં 16 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

# બગદાણા વિવાદમાં સુરતથી 100 કારનો કાફલો ભાવનગરમાં

**કોળી** સમાજે ઋષિભારતી બાપુની આગેવાનીમાં પીડિતની મુલાકાત લીધી

**મુખ્ય** આરોપીની ધરપકડ સુધી આંદોલન ચાલુ રહેશે



રાજકોટ : બગદાણાના નવનીતભાઈ બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના વિરોધમાં હવે કોળી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે ન્યાયની માંગ સાથે સુરતથી કોળી સમાજનો મોટો કાફલો ભાવનગર પહોંચતા મામલો ગરમાયો છે. બગદાણાના સેવક નવનીતભાઈ બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના પડઘા હવે સમગ્ર રાજ્યમાં પડી રહ્યા છે. આ ઘટનાના વિરોધમાં સુરતનો કોળી સમાજ મેદાને આવ્યો છે. આજે સુરતથી 100 જેટલી ગાડીઓના કાફલા સાથે કોળી સમાજના અગ્રણીઓ ભાવનગરની નારી ચોકડી ખાતે આવી પહોંચ્યા હતા. નારી ચોકડી ખાતે કોળી સમાજના યુવા અગ્રણી ચિરાગ ઝાલા, પિન્ટુ કોળી, શૈલેષભાઈ મેર અને સાધુ-સંતોમાં ઋષિ ભારતી બાપુની આગેવાનીમાં વિશાળ સંખ્યામાં સમાજના લોકો એકઠા થયા હતા. અહીંથી આ કાફલો સીધો મહુવા હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો, જ્યાં સારવાર લઈ રહેલા પીડિત નવનીતભાઈની મુલાકાત લીધી હતી અને તેમના ખબર-અંતર પૂછ્યા હતા. નવનીતભાઈ બાલધિયા કેસની ગંભીરતાને જોતા પોલીસ વિભાગ દ્વારા SITની રચના કરવામાં આવી છે. SIT દ્વારા હાલ તપાસનો ધમધમાટ તેજ કરી દેવામાં આવ્યો છે, પરંતુ કોળી સમાજ આ તપાસથી સંતુષ્ટ નથી. સમાજના આગેવાનોનો આક્ષેપ છે કે, હજુ સુધી મુખ્ય સૂત્રધારનું નામ પોલીસ ફરિયાદમાં દાખલ કરવામાં આવ્યું નથી. જ્યાં સુધી મુખ્ય આરોપીની ધરપકડ નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી અપાઈ છે.

### ઋષિભારતી બાપુના સરકારની કામગીરી પર આકરા પ્રહારો

આ પ્રસંગે ઋષિભારતી બાપુએ સરકારની કામગીરી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે નામ લીધા વગર નિશાન સાધતા જણાવ્યું હતું કે, સમાજને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, જો ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ થશે તો આગામી સમયમાં આ આંદોલન વધુ ઉગ્ર બની શકે છે. હાલ મહુવા અને આસપાસના વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. કોળી સમાજની આ એકતાને પગલે તંત્ર પર દબાણ વધી રહ્યું છે.

# ગાંધીનગરમાં સરકાર ટાઈફોઈડના કેસના આંકડા છુપાવી રહી છે

**સાચા** આંકડા મળી રહે તે માટે પોર્ટલ ઊભું કરવા શક્તિસિંહ ગોહિલની માંગ

ગાંધીનગર : રાજ્યના પાટનગર ગાંધીનગરમાં દૂષિત પાણીના કારણે ટાઈફોડના દર્દીઓના કેસોની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે. ટાઈફોડના કેસોમાં સરકારી આંકડાઓ અને લોકો પાસેથી મળતા આંકડાઓમાં મોટું અંતર જોવા મળ્યું છે. તેવું પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું.

શક્તિસિંહ ગોહિલે વધુમાં કહ્યું હતુ કે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં દૂષિત પાણીને કારણે ટાઈફોડના દર્દીઓની સંખ્યા ખૂબ મોટી છે. સરકારી આંકડા અને જુદા જુદા માધ્યમોથી બહાર આવતા આંકડાઓમાં મોટી વિસંગતતા જોવા મળે છે.

આ વિસંગતતા દૂર કરી સાચા આંકડા મળે તે માટે સરકાર દ્વારા એક પોર્ટલ ઊભું કરવામાં આવે, જેમાં દરરોજ લેબોરેટરી તેમજ ખાનગી ડોક્ટર્સના ત્યાં આવતા ટાઈફોડના દર્દીઓના કિસની સંખ્યા અપલોડ કરવામાં આવે. જેથી સાચા આંકડાઓની વિગતો જાણી શકાય.

ટાઈફોડના વધતા જતા દર્દીઓના કેસની સંખ્યા એ ખૂબ જ ચિંતાજનક છે. જો સાચા આંકડા બહાર આવશે તો આગોતરું આયોજન કેવી રીતે કરી શકાય તે નક્કી કરી શકાય.

## સુડોકુ ૭૨૯૮ - 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | ૫ | ૭ | | ૩ | | |
| | ૯ | | ૩ | ૨ | | ૧ | | |
| ૩ | ૭ | | | | ૧ | | | |
| ૮ | ૧ | ૫ | | ૪ | ૨ | | ૩ | ૬ |
| | ૩ | | | | | ૨ | | |
| | | | ૬ | | | | ૫ | |
| | ૮ | | | | ૫ | ૬ | ૭ | |
| | ૫ | ૧ | ૪ | | | ૮ | | |
| ૯ | ૨ | ૭ | | | | ૪ | ૧ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - સ્યોમંદ પરબીઆ

### અરુચિ - પાચન

પાચન બગાડથી ભૂખ મરી જાય છે. ખોરાક પ્રત્યે અરુચિ થાય છે. ચિત્રક, સૂંઠ અને સિંધવ સમાન માત્રામાં લઈને, લીંબુ ના રસમાં ઘૂંટી, વટાણા જેવડી ગોળીઓ કરવી. બે થી ત્રણ ગોળી લેવાથી અરુચિ મટી ભૂખ લાગે છે.

# હજીરામાં સરકારી જમીન પરથી ગેરકાયદે સ્લેગની હેરફેરનું કૌભાંડ

**એક્ટિવા** પર થતી હેરફેર સામે ગ્રામજનોમાં રોષ, આંદોલનની ચીમકી

સુરતઃ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના હજીરા ગામમાં સરકારી જમીન પરથી ગેરકાયદે સ્લેગની હેરફેરનું કૌભાંડ ચાલી રહ્યું છે. પરપ્રાંતીય ગેંગ આ સ્લેગનું એક્ટિવા, બાઈક જેવા પેસેન્જર વાહનો પર હેરફેર કરતા હોવાનો વીડિયો વાયરલ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હજીરા ગામમાં AMNS અને અદાણી કંપની વચ્ચે સરકારી અને બિન સરકારી જમીનનો મોટો દરિયાઈ પટ્ટ આવેલો છે. આ દરિયા કિનારા વિસ્તારમાંથી હજીરા ગામ બહારના પરપ્રાંતીય લોકો દ્વારા ગેરકાયદે રીતે સ્લેગ કાઢવામાં આવી રહી છે. એટલું જ નહીં આ સ્લેગ આરટીઓના નિયમોની વિરુદ્ધમાં જઈ આરસી બુક, ઈન્સ્યુરન્સ, પીયુસી વગરના એક્ટિવા જેવા વાહનો પર હેરફેર કરવામાં આવે છે. એક્ટિવા, બાઈકના પાર્ટ્સ છુટા કરી ફક્ત એન્જિન અને ચેસીસનો ઉપયોગ સ્લેગની હેરફેર માટે કરાય છે. સ્લેગના મોટા ટુકડાઓનું પોતાના તેમજ ગ્રામજનોના જીવના જોખમે હેરફેર કરી રહ્યાં છે. પરપ્રાંતીયોની સ્લેગની સ્મગલિંગની પ્રવૃત્તિ સામે ગ્રામજનોમાં રોષ વ્યાપી ગયો છે. ખુબ જ મોટા પ્રમાણમાં પરપ્રાંતીય ગેંગ દ્વારા ગેરકાયદે રીતે સ્લેગ કાઢી વેચવામાં આવી રહ્યો છે. આ તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ગ્રામજનોએ માંગ ઉઠાવી છે. જો કાર્યવાહી કરી સ્લેગ ઉપાડવાની કામગીરી બંધ ન કરવામાં આવે તો રસ્તા રોકો આંદોલન કરવાની ચીમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે. ગ્રામજનોએ પોલીસ, મામલતદાર અને આરટીઓ કચેરીને પુરાવા સહિત ફરિયાદ કરી છે.

### હજીરામાં કરોડોની ખનીજ ચોરીના માજી સરપંચના આક્ષેપ

હજીરા ગામમાં પણ ખનીજ ચોરીના આક્ષેપ માજી સરપંચે કર્યા છે. કરોડો રૂપિયાની ચોરી માફીયાઓ દ્વારા થઈ રહી છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી થઈ રહી નથી. હજીરાને ખનીજ માફીયાઓ કોરી ખાઈ રહ્યા છે. આ સરકારી જમીન ઉપર ચાલી રહેલા ખનન સામે તંત્ર નજર નાખી કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

## માતાવાડી ખાતે હીરાની કંપનીમાં બેભાન થયા બાદ વ્યારાના રત્નકલાકારનું મોત

સુરતઃ માતાવાડી ખાતે હીરાની કંપનીમાં બેભાન થઈ જતાં વ્યારાના રત્નકલાકારનું મોત નીપજ્યું હતું. વ્યારા ખાતે આવેલ ડુંગરગામમાં 27 વર્ષીય દિવ્યેશ મહેશભાઇ ચૌધરી પરિવાર સાથે રહેતો હતો. દિવ્યેશ વરાછા માતાવાડી ખાતે આવેલ વરલી જેમ્સ નામના હીરાની કંપનીમાં રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. ગુરુવારે બપોરે 12 વાગ્યાના સુમારે દિવ્યેશ કંપનીમાં કામ પર હાજર હતો. ત્યારે કામ કરતી વખતે બેભાન થઈને ઢળી પડ્યો હતો. બાદમાં સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## શબ્દગુંફન - ૭૧૪૧

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. ગરીબનો બેલી પ્રભુ (૪)
૪. સમૂહ (૩)
૭. વહાણવટી, સુકાની (૩)
૯. આદર (૨)
૧૦. જીતેન્દ્ર - રાજેશ ખન્નાની એક ફિલ્મ (૪)
૧૨. દીવાની જ્યોત (૨)
૧૩. શરીરની ઊંચાઈ (૨)
૧૪. હિંમત (૨)
૧૫. કિનારો (૨)
૧૬. સિંહ (૪)
૧૮. ઢીલ, વિલંબ (૨)
૧૯. માલિશ કરવું તે (૩)
૨૧. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૨૪. વાર્તા (૨)
૨૫. અભિપ્રાય (૨)
૨૬. ઊહાપોહ (૪)
૨૮. વૃક્ષોની લાંબી હાર (૪)
૩૦. પારકું, અન્ય(૨)
૩૨. હેતુ, મુરાદ (૪)
૩૩. સૂક્ષ્મ ઇશારો કે સંકેત (૪)

**ઊભી ચાવી**

૧. દીવો (૨)
૨. સરદાર, આગેવાન (૩)
૩. સૂર્ય (૨)
૫. તિબેટના વડા બૌદ્ધ આચાર્ય (૨)
૬. પાણીનો ઘાટ(૪)
૭. અવાજ, ઘોષ (૨)
૮. પ્રતિજ્ઞા, સોગન (૩)
૧૦. કેફ, ખુમારી (૨)
૧૧. એક સરખું (૩)
૧૩. યોગ્ય કિંમત કરવી તે (૩)
૧૪. મોજૂદ (૩)
૧૫. તૃપ્ત (૨)
૧૬. એક વૃક્ષ (૨)
૧૭. ઘોડાવાળો (૩)
૧૮. રંગ, વર્ણ (૨)
૨૦. લીન, ડૂબેલું (૩)
૨૨. પાવલ, છેડો (૩)
૨૩. ઉમ્મર (૨)
૨૪. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ(૨)
૨૫. ખુશ (૨)
૨૬. પંખીઓનું અનાજ (૨)
૨૭. ચતુર (૩)
૨૮. પતિ (૨)
૨૯. દસ માથાવાળો લંકાનો રાજા (૩)
૩૦. ઉપાધિ (૨)
૩૧. બાણ (૨)

## આજનું પંચાંગ

**તા. 09/01/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિ:** વદ: સાતમ : વૃદ્ધિ તિથિ છે.
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ : 18 **અયન :** ઉત્તરાયન
**ઋતુ :**શિશિર **નક્ષત્ર :** ઊ.ફા.:-13:41
**યોગ :** શોભન **કરણ:** વિષ્ટિ
**રાશિ:** કન્યા (પ,ઠ,ણ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 07:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:12 **નવકારસી:** 08:07
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 28મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્‌વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્‌વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે : 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નોકરીમાં ખાસ સરકારીમાં સમસ્યા આવી શકે છે. સહકર્મીઓ સાથે વિવાદથી સ્વાભિમાન ઘવાઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઘરમાં મહેમાનોની અવરજવર વધે. મોજ-શોખનાં ધંધામાં આવક વધે. નવા રોકાણથી લાભ થાય પ્રેમમાં સાથ.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રવાસમાં પડવા-વાગવાથી સંભાળવું. નોકરીમાં જવાબદારી વધે. સામાજિક કામમાં વ્યસ્ત રહેવાનું બને.

**કર્ક (ડ,હ,):** પ્રવાસ પર્યટન, ટ્યુશન, શિક્ષણ, દલાલી ટેક્નોલોજી જેવા વેપાર ધંધામાં અનુકૂળતા વધશે.

**સિંહ (મ,ટ,):** વાણી પર કાબૂ ન રહેવાથી ઘરમાં અશાંતિ વધશે. પારિવારિક ધંધામાં આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** સમાજ જીવનમાં પ્રતિષ્ઠા વધે. નોકરી-ધંધાર્થે પ્રવાસ સફળ રહે. ઘરમાં તાલ મેળ રહે.

**તુલા (ર,ત,):** વિદેશનાં કામમાં મદદ મળે. ધાર્મિક પ્રવાસ થાય. હરીફાઈયુકત વાતાવરણમાં ભાગ લેવાનું બને.

**વૃશ્ચિક (ન,ય,):** સંતાન ચિંતા સતાવે. વિદ્યાર્થીઓની દોડધામ વધે. જીવન સાથી સાથે સામાજિક કામ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ધંધામાં આવક વધે. નોકરીમાં મદદ મળે. નવા કામ માટે વડીલોની મદદ મળે.

**મકર (ખ,જ,):** શુભ સમાચાર મળે. નોકરી ધંધાર્થે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. ધર્મ-કર્મથી શાંતિ મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** હરીફોથી સાવધાન રેહવું. ચોર-લૂંટારુથી નુકશાન થઇ શકે છે. આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** જીવનસાથી સાથે ધંધા વ્યવસાયની યોજના પાર પડે. નોકરીમાં અનુકૂળતા વધશે.

### કોઇ પણ સાલમાં 09 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધામાં ચડતી-પડતી સાથે નવી તક અને ટેક્નોલોજીનો લાભ મળે. સમાજમાં સામાન્ય રહે. આરોગ્ય સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશના કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે વડીલોની મદદ મળે. સંતાનોનાં કામમાં પ્રગતિ થાય. મિત્રોની મદદ નવા વેપાર ધંધામાં મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવશે. વારસા, જાયદાદ, જમીન જવા કામમાં અવરોધ પેદા થાય. માર્ચ-એપ્રિલ તથા ઓકટોબર નવેમ્બરથી 9,18, 27 અને મંગળ-ગુરુવાર કામની શરૂઆત શુભ રહેશે. ડિસેમ્બર, જાન્યુઆરીની 8,17,26 અને બુધ શનિ વારે કામ ટાળવા. લાલ રંગનો ઉપયોગ કરતા રહેવું, સફેદ અને ભૂરો રંગ ટાળવો. 3,6,9 મૂળઆંકવાળા સાથે સારુ. રહે. 5 અને 8 મૂળ આંકથી સાવધાન રહેવું યાત્રા પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય.ઉઘરાણીની ચિંતા રહેશે.

# સાબરમતીથી વેરાવળની સ્પેશિયલ ટ્રેન રવાના થઈ

**સાબરમતીથી** કુલ ૧,૨૯૨ યાત્રાળુઓએ પવિત્ર સોમનાથની યાત્રાનો આરંભ કર્યો



અમદાવાદ : 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ભવ્ય ઉજવણી તા. ૮ થી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન થનાર છે. ત્યારે અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન ખાતેથી વેરાવળની સ્પેશિયલ ટ્રેન દોડાવાઈ. સાબરમતીથી ૧,૨૯૨ યાત્રાળુઓએ સોમનાથની યાત્રાનો આરંભ કર્યો હતો.

આ સ્પેશિયલ ટ્રેનમાં કુલ ૧,૨૯૨ યાત્રાળુઓએ પવિત્ર સોમનાથની યાત્રાનો આરંભ કર્યો હતો. જેમાં વિવિધ વયજૂથના ભક્તો, પરિવારજનો, વડીલો અને યુવાનોનો સમાવેશ થતો હતો. સૌ યાત્રાળુઓમાં સોમનાથ મહાદેવનાં દર્શન માટે અભૂતપૂર્વ ઉત્સાહ અને ભાવનાત્મક ઉમંગ જોવા મળ્યો હતો. સોમનાથ સ્વાભિમાન પર્વ ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસતના ગૌરવની ઉજવણીરૂપ કાર્યક્રમ છે. જે રાષ્ટ્રીય સ્વાભિમાનની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. સોમનાથ મહાદેવના મંદિર સાથે જોડાયેલી ઐતિહાસિક ગાથાઓ, ભારતની અડગ શ્રદ્ધા, આક્રમણો સામે અવિચલ રહેલી સંસ્કૃતિ અને રાષ્ટ્રના સ્વાભિમાનની પ્રતીકરૂપ ઓળખને આ પર્વ દ્વારા પુનઃસ્મરણ કરવામાં આવી રહી છે.